# – :: મુદ્દા :: –

**આજ રોજ વાદીના તથા પ્રતિવાદીના, વી.વકીલશ્રી ને દાવાના આખર નિકાલ હેતુ ઘડવાના થતા મુદા અંગે સાભળ્યા, વાદીએ તેઓના પ્લીડિંગસ મુજબની અને રજુ દસ્તાવેજી આધારો મુજબની હકીકત અન્વયે મુદ્દા ઘડવાના થતા હોવાની રજૂઆત કરેલ છે અને કોઈ સૂચક મુદ્દા તેઓ દ્વારા આપવા માગતા નથી તેવું ખુલ્લી કોર્ટમાં મૌખિક રીતે જાહેર કરેલ છે. જેથી બન્ને પક્ષકારોના રેકર્ડ પર પ્લીડિંગસ અને રજુ દસ્તાવેજી આધાર પુરાવાને લક્ષે લેતા, કાયદાના અને હકીકતના અને પુરાવાના નીચે મુજબના મુદા દાવાના આખર નિકાલ હેતુ ઘડવામાં આવેલ છે.**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજી ના પેરા નં. ૧ માં દર્શાવેલ, સીમ જમીન સર્વે નં. ૩૦, સર્વે નં. ૩૮/૨, સર્વે નં. ૪૪/૪,સર્વે નં. ૫૫/૧, તથા સર્વે નં. ૪૫/૪ વાળી જમીન તેઓ એ પ્રતિવાદી પાસે થી આશરે ૩ વર્ષ પહેલા મોઢાના કરાર થી અવેજ ચૂકવી ખરીદ કરેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, રૂ.૧,૦૦,૦૦૦/– ના અવેજ પૈકી, રૂ.૪૦,૦૦૦/– પ્રા.વાદી નં. ૧ ને ચૂકવી આપેલ હતા અને અને જમીનના મૂળ માલિક કોહ્યાભાઈ લાલાભાઈ પાસેથી સ્થળ પર કબજો ભોગવટો વહેચણી પ્રમાણે અડધો હિસ્સો તેઓને સોપી આપેલ છે અને હાલ પણ જમીનનો કબજો ભોગવટો વાદી પાસે રહેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદવાળી જમીનમાં છેલ્લા ૩૦ વર્ષી થી તેઓનો અવિરત વગર કોઈ રોક ટોક બિન હિસ્સેદાર કબજો

ભોગવટો આવેલ છે અને તે જમીન પર, વાદીએ પોતાના મકાન, અને પાણી નો હોજ વાદીએ બનાવેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ વાદી પર ખોટો લેન્ડગ્રેબરીંગ નો કેસ દાખલ કરેલ છે અને પોતાના રેવન્યુ રેકર્ડમાં ખોટા નામ ચડાવેલ છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૪ માં વર્ણન કરેલ ચતુર્થ સીમા સાચી અને ખરી છે અને તેમાં દર્શાવેલ સર્વે નંબરો વાળી જમીનોમાં વાદીનો અડધો હક્ક હિત હિસ્સો અને લાગ ભાગ સમાયેલ છે અને તેનો સ્થળ પર કબજો ભોગવટો રહેલ છે અને, માલિકી હક્ક તેઓનો છે ?

(૬) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ અને ૩ સાથે મળી ખોટો દતાવેજ બનાવી વાદીની જમીન પચાવી પાડવા ખોટી નોધ નં. ૧૯૯૨ નોધ નં. ૧૯૪૪, તથા નોધ નં. ૧૬૧૪ દાખલ કરવી પોતાનું નામ દાખલ કરાવી લીધેલ છે ?

(૭) શું વાદી પુરવાર કરે છે કે, વાદીની કબ્જાની જમીન પર પ્રતિવાદીઓ ગેરકાયદેસર કબજો જમાવવાની પેરવી કરી રહેલ છે ?

(૮) શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ પુરતો અવેજ આપી અને કાયદેસર રીતે મૂળ જમીન માલિક પાસેથી કરાર આધારે જમીન ખરીદ કરેલ છે? અને તે કરાર કાયદેસરનો અને અમલ પાત્ર છે ?

(૯) શું પ્રા.વાદી પુરવાર કરે છે કે, રજી.વેચાણ દસ્તાવેજ નં. ૪૮૨/૨૦૨૩, ૩૦૬/૨૦૧૦, ૩૫૦/૧૯૮૮ થી મૂળ માલિક

પાસેથી અવેજ ચૂકવી વેચાણ રાખેલ છે અને જે કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરેલ છે ?

**(૧૦)** શું વાદી પુરવાર કરે છે કે, તેઓના દાવાને કાયદાનો કોઈ સ્પસ્ટ બાદ નડતો નથી અને જરૂરી દાદ અને યોગ્ય કારણો થી હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે?

**(૧૧)** શું પ્રા.વાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને વિલંબનો અને નોન જોઈન્ડર ઓફ પાર્ટી અને મિસ જોઈન્ડર ઓફ પાર્ટી નો સ્પસ્ટની જોગવાઈઓ નો સ્પસ્ટ બાદ નડે છે?

**(૧૨)** શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સી.પી.સી ઓર્ડર – ૭ રૂલ – ૧૧ નો સ્પસ્ટ બાદ નડે છે?

**(૧૩)** શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૧૦ ના સબ પેરા નં. (એ), (બી) અને (સી) માં માગ્યા મુજબનું ડિક્લેરેશન તથા આદેશાત્મ, હુકમ તથા કાયમી મનાઈ હુકમ મેળવવા હક્કદાર છે?

**(૧૪)** દાવા ના કામે શું હુકમ તથા હુકમનામું ?

**તા. ૩૧/૧૨/૨૦૨૫.** **(આનંદ એ. દવે)**
**સ્થળ : ભિલોડા.** **એડી.સિવિલ જજ, ભિલોડા.**
**GJ–01442**